# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતમાં વિદ્યાર્થી ગુંચવાયા

## ધો-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાના પ્રથમ દિવસે પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓમાં આનંદ : સાવચેતીના પગલા

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨માં એક કે બે વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનું આયોજન કરાયું છે જેનું આજે પ્રથમ પેપર હતું જેમાં પ્રથમ દિવસે તમામ પેપર સામાન્ય નિકળતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. ધોરણ-૧૦માં આજે સવારે ૧૦:૦૦ થી ૧:૩૦ કલાક દરમ્યાન પ્રથમ ભાષા ગુજરાતીનું પેપર લેવામાં આવ્યું હતું. ગુજરાતીનું પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. જ્યારે ધોરણ-૧૦માં બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજીનું પણ પેપર ધારણા કરતા સરળ રહેલા વિદ્યાર્થીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જુના અને નવા કોર્ષમાં સવારે ૧૦:૦૦ થી ૧:૩૦ કલાક દરમિયાન ગણિતનું પેપર લેવાયું હતું. ગણિતનું પેપર પ્રમાણમાં થોડુ અઘરુ લાગ્યું હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું અંદાજે ૧૫ થી ૨૦ માર્કના પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ અટવાયા હતા જ્યારે બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમિયાન જીવવિજ્ઞાનનું પેપર લેવામાં આવ્યું હતું. જીવવિજ્ઞાન પેપર સરળ રહ્યું હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આજે કોઈ પેપર ન હતું. પરીક્ષા દરમિયાન રાજ્યમાં ૮ કોપી કેસ નોંધાયા હોવાનું બોર્ડના સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જેને બાદ કરતા કોઈ અનિચ્છનીય બનાવ વગર પરીક્ષા લેવાઈ હતી જો કે પુરક પરીક્ષા માટે દરેક જિલ્લામાં એક જ કેન્દ્ર ફાળવતા વિદ્યાર્થીઓએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અંતરીયાળ વિસ્તારના વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપવા માટે છેક જિલ્લા કેન્દ્રો સુધી લાંબા થવું પડ્યું હોવાથી વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મલી હતી. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૦ના ૧.૭ લાખ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ના ૯૩ હજાર વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી રહ્યા છે.

## ચાંદખેડા વિસ્તારમાં ટેન્કર-એક્ટીવાની વચ્ચે અકસ્માતમાં એકનું મોત

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ટેન્કર અને એક્ટીવા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા એકનું મોત થયું છે. શહેરમાં વધી રહેલ વાહનોની સંખ્યાના પગલે અવારનવાર આ પ્રકારની ઘટના બનતી રહે છે.

મળતી વિગત અનુસાર સવારે ૧૦ વાગ્યાની આસપાસ નવયુવાન તુષાર દુબે (ઉંમર ૧૯) પોતાના પિતાના એક્ટિવા પર કોલેજ જઈ રહ્યો હતો ત્યારે અચાનક પુરઝડપે ટેન્કરે એક્ટીવાને ટક્કર મારતા ઘટના સ્થળે જ યુવાનનું મોત નિપજ્યું હતું. ટેન્કર ચાલકની ધરપકડ કરી લેવાય છે. અને વધુ તપાસ પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવી રહી છે આ ઘટના ચાંદખેડાના આઈઓસી રોડ પર બની હતી.

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે

# ગાંધીનગરમાં માસ કોમ્યુનિકેશન સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૧૧

૨૧મી સદી એ ટેકનોલોજી ચેલેન્જની સદી છે. આજે એક પેઢી ફ્રેર જીમાં કામ કરી રહી છે. જયારે એક પેઢીને માટે આ કામ કરવામાં મર્યાદા આવી રહી છે. પરંતુ પત્રકારત્વ ક્ષેત્રે કામ કરતા સૌએ આ મર્યાદામાંથી બહાર આવવું પડશે. તેવું વરિષ્ઠ પત્રકાર અને કોલમિસ્ટ ભવેનભાઇ કચ્છીએ જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર, જિલ્લા માહિતી કચેરી, સાબરકાંઠા અને -દેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પત્રકારત્વની બદલાતી ભૂમિકા વિષયક માસ કોમ્યુનિકેશન સેમિનારમાં જણાવ્યું હતું. ગુજરાત સમાચારના કોલમિસ્ટ ભવેનભાઇ કચ્છીએ વધુમાં જણાવ્યું હતું કે, પત્રકારોએ પોતાની જાતને સતત એપગ્રેડ કરતાં રહવું પડે છે. તેમજ ટેકનોલોજીની સજ્જતા કેળવવી ખૂબ જરૂરી બની ગઇ છે. રાજાઓના અને આઝાદી સમયના પત્રકારત્વની વાત કરી આજના પત્રકારત્વ વચ્ચે રહેલ ભેદરેખાની વિસ્તૃત વાત કરી હતી. તેમણે ટેકનોલોજીનું દષ્ટાંત આપીને ૨૫ વર્ષ અગાઉ અને હાલના ચાલુ પત્રકારત્વની સુંદર વાત કરી હતી. તેમણે ફેસબુક, ટવીટર જેવા કોમ્યુનિકેશન માધ્યમનો આજે સૌથી વધુ ઉપયોગ થાય છે. તેમ છતાં પત્રકારેની વાત અને લખાણ પર આજે પણ સમાજ વિશ્વાસ મૂકે છે, તેવું કહીને પત્રકાર મિત્રોને સમાજમાં નવી ચેતના અને સાચી દિશા આપે તે માટે ગ્લોબલાઈઝેશન, ધરતી કંપ વિવિધ કુદરતી આપત્તિઓ જેવા સમયે, માનવીય સંવેદનાને આવરી લેવા તેમજ સમાજમાં -રણા રૂપ હોય તેવા હકારાત્મક પત્રકારત્વની દિશામાં પગદંડી માંડવાની સૌ પત્રકારોને હાકલ કરી હતી. આ -સંગે ગુજરાત -ેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ શ્રી ભવેન કચ્છીનો ટુંકો પરિચય આપી જણાવ્યું હતું કે, પત્રકારત્વના ક્ષેત્રે આવનાર વ્યક્તિ પોતાની ઈચ્છાથી અને આનંદથી આવે છે. હાલમાં સરકારી તંત્રની પરિભાષા બદલાઇ છે. તેનું પરિપેક્ષ્ય વિસ્તર્યું છે.ચિંતન -ક્રિયાથી વિચારના નવીન બીજ રોપાય છે. જેનો લાભ આવનારી પેઢીઓને મળશે. આઝાદી સમયના પત્રકારત્વ અને તેમાં સંશોધનાત્મક પત્રકારત્વ વિષે સમજ આપી હતી.ટેકનોલોજીની વધુ ઉપયોગીતા સંદર્ભે આજના પત્રકારત્વની વાત કરતા તેઓશ્રીએ જણાવ્યું હતું કે ટેકનોલોજીનો મીડિયાની અસરકારતા માટે સારો ઉપયોગ કરી શકાય. સારી વાત કરવી એ માત્ર સરકારની પરિભાષા રહી નથી પણ મીડિયા હવે વધુ ઉપયોગ કરે છે. તેમણે ટેકનોલોજી સભર ઇ-બુકની વાત કરીને ફેસબુક, ટવીટૂર જેવા કોમ્યુનિકેશનના માધ્યમની આંકડકાકીય માહિતી આપી હતી. તેમણે પત્રકારત્વક્ષેત્રે આગળ જવા ટેકનોલોજીના ઉપયોગ કરવાની વાત ભારપૂર્વક કરી હતી. આ -સંગે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતા ગાંધીનગર જિલ્લાના નાયબ માહિતી નિયામક -જ્ઞાબેન પટેલે પત્રકારત્વના ઈતિહાસની ભૂમિકા આપી તેની તાકાત વિષેનો પરિચય આપ્યો હતો. સંશોધનાત્મક પત્રકારત્વ વિષેની સમજ સાથે આધુનિક ટેકનોલોજી સાથે જોડાયેલ ઇ-કોમ્યુનિકેશની સમજ આપી હતી. અમદાવાદ -દેશિક માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક કે.વી.ભગોરાએ પોતાના -ાંસગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે, પત્રકારત્વ સમાજને અસરકારતા અને ઘડતર સાથે નિર્માણ કરવાનું કામ કરે છે. સમાજ સાથે રાજયો અને રાષ્ટ્રનો વિકાસ જોડાયેલ છે. કાર્યક્રમની આભાર વિધી સાબરકાંઠા જિલ્લાના નાયબ માહિતી નિયામક વી.જે. મેસરિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સબ એડીટર પરિમલ પટેલે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સહાયક અધિક્ષક કે.જે.પરમાર, કમલભાઇ રાઠોડ, આર.વી.ત્રિવેદી, શ્રી દેવાંગ કાપડિયા, વિનોદસિંહ ભટ્ટી, ભરત ઠાકુર, મોહનભાઇ રાયકા, -ભાબેન સોલંકી અને હિંમતનગર માહિતી કચેરીના સબ એડીટર હરીશ પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.

# ગુજરાતના ૭૨ તાલુકામાં વરસાદ : ડાંગમાં ચાર ઈંચ

## અમદાવાદ શહેરના ઘણા ભાગોમાં પણ બપોરના ગાળામાં વરસાદ બાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા

અમદાવાદ, તા.૧૧

રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૧૯ જિલ્લાના ૭૨ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસ્યો છે. જેમાં ડાંગમાં સૌથી વધુ ૯૫ મીમી કપરાડામાં ૯૦ મીમી, ધરમપુરમાં ૮૨ મીમી, નવસારીમાં ૬૪ મીમી, વાસંદામાં ૬૦ મીમી અને જલાલપોરમાં ૫૫ મીમી વરસાદ થયો હતો. દરમિયાન આજે અમદાવાદ શહેરના જુદા જુદા ભાગોમાં પણ ભારે વરસાદ થયો હતો જેથી ઘણા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. અમદાવાદમાં બપોરના ગાળામાં વરસાદ તૂટી પડ્યો હતો જેથી ઘણી જગ્યાએ તો લોકો અટવાઈ પડ્યા હતા. વાહનો પણ ફસાઈ ગયા હતા. જો કે વરસાદમાં થોડાક સમય બાદ બ્રેક મુકાદા પાણી ઉતરી ગયા હતા. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૧-૭-૧૩ને સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ૭૪ મીમી, વડોદરા જિલ્લાના પાદરામાં ૮૦ મીમી, સુરત જિલ્લાના મહુવામાં ૭૮ મીમી, નવસારી જિલ્લાના વાંસદામાં ૭૩ મીમી અને વલસાડ જિલ્લાના ધરમપુર ૭૮ મીમી મળી કુલ પાંચ તાલુકાઓમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત દાંતામાં ૬૬ મીમી, બેચરાજીમાં ૪૬ મીમી, સતલાસણામાં ૫૦ મીમી, બરવાળામાં ૬૦ મીમી, ધંધુકામાં ૫૦ મીમી, આંકલાવમાં ૫૭ મીમી, સંખેડામાં ૫૨ મીમી, સોનગઢમાં ૬૨ મીમી, ચોર્યાસીમાં ૬૬ મીમી, સુરત શહેરમાં ૫૧ મીમી, ગણદેવીમાં ૫૭ મીમી અને ડાંગમાં ૫૮ મીમી મળી કુલ ૧૨ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજયના પાલનપુર, કડી, ખેરાલુ ઉંઝા, વડનગર, વિસનગર, પ્રાંતિજ, વડાલી, મહેમદાવાદ, ખંભાત, સાવલી, વડોદરા, ગોધરા, જેતપુર, ઉપલેટા, મેદરડા, ઉના, વિસાવદર, નાંદોદ, ઉચ્છલ, બારડોલી, કામરેજ, ઓલપાડ, પલસાણા, જલલાપોર, નવસારી, પારડી, ઉમરગામ અને વલસાડ મળી કુલ ૨૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા આર્થિક સહાયની યોજના

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા શાસ્ત્રીય નૃત્ય અને નાટ્ય વૃંદોને રાજ્ય બહાર અને વિદેશમાં કાર્યક્રમ રજૂ કરવા આર્થિક સહાય આપવાની યોજના અમલમાં આવી છે. રાજ્ય બહાર કે વિદેશમાં કલાવૃંદો મોકલવા ઈચ્છતા દિગ્દર્શકો, વૃંદો કે કોરિયો ગ્રાફરોએ ૩જી ઓગષ્ટ-૨૦૧૩ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે અરજી કરવી.

અકાદમીની સાંસ્કૃતિક વારસાની જાળવણી યોજના અંતર્ગત શાસ્ત્રીય નૃત્ય અને નાટ્ય વૃંદોને રાજ્ય બહાર અને રાષ્ટ્ર બહાર (વિદેશમાં) કાર્યક્રમ રજુ કરવા માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયે વર્ષ ૨૦૧૩-૧૪માં રાજ્ય બહાર કાર્યક્રમ માટે રૂ. ૨.૦૦ લાખ તથા રાષ્ટ્ર બહાર કાર્યક્રમ રજુ કરવા માટે રૂ. ૫.૫૦ લાખની સહાય લેવા ઈચ્છુક શાસ્ત્રીય નૃત્ય તથા નાટ્ય વૃંદો/દિગ્દર્શકો, કોરીયોગ્રાફરોએ આ અંગેના અરજી પત્રક ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મેળવી તા. ૩ ઓગષ્ટ-૧૩ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે અકાદમીને પહોંચતા કરવાના રહેશે. પાત્રતાના ધોરણો અથવા અન્ય માહિતી માટે અકાદમીનો રૂબરૂ અથવા ફોન નંબર - ૦૭૯-૨૩૨૫૧૬૯૩ ઉપર સંપર્ક કરવો.

# શહેર જાગૃત નાગરિક પરિષદની જુલાઈ માસની બેઠક સંપન્ન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સંસ્થાના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળી હતી. બેઠકની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ અધ્યક્ષશ્રીએ ગત બેઠકમાં ચર્ચા થયેલ મહત્વના પ્રશ્નો અંગે થયેલ પ્રગતિની જાણકારી આપી હતી. બેઠકની આગળ કાર્યવાહીમાં તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અમુક સેકટરોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે તે અંગે સભ્યોશ્રીએ તીવ્ર વિરોધ અને આક્રોશમાં આવતા જણાવ્યું હતું કે આ ઝુંબેશમાં સેકટરના સ્થાનિક પ્રતિનિધીઓને ઝુંબેશની જાણ કરવામાં આવી ન હતી. તેમજ આ ઝુંબેશમાં તેઓને સામેલ પણ કરવામાં આવ્યા ન હતા તેથી તા. ૧૫મી જુલાઈ-૨૦૧૩ના રોજ સવારે ૧૨ કલાકે મહાનગરપાલિકાના કમિશનરશ્રીની રૂબરૂ મુલાકાત લઈ કારોબારી સભ્યોની મોટી સંખ્યાની હાજરીમાં વિરોધ દર્શાવતો પત્ર આપવો તેમજ સફાઈ અંગેની યોજના જાહેર કરવાનું તથા તે મુજબ કામ કરવાનું જણાવવાનું નક્કી કરવામાં આવ્યું. અન્ય પ્રશ્નો જેવા કે મીલકત વેરા, પ્રોપર્ટી કાર્ડ તથા આધાર કાર્ડ અંગે નિતિ-નિયમો છે તે અંગે સર્વપ્રથમ વિગતો ભેગી કરવી તેમજ ત્યારબાદ આગળ કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ડાક અદાલતમાં જે પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા તે અંગે પોસ્ટલ વિભાગે શું નિર્ણય લીધો છે તે જાણવા તે વિભાગને પત્ર લખવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

# કાલુપુર રેલ્વે સ્ટેશનથી ગાંજો જપ્ત કરાયો, એકની ધરપકડ

અમદાવાદ, તા.૧૧

શહેરના કાલુપુર વિસ્તારમાં રેલ્વે પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન એક શખ્સને અંદાજે ૨૨ કિલો ગાંજા અને ૩ હજાર જેટલી રોકડ રકમ સાથે રંગે હાથ ઝડપી પાડતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી શહેર સહિત રાજ્યભરમાં ગાંજાની હેરફેરનું પ્રમાણ વધ્યું છે.

કાલુપુર રેલ્વે પોલીસ અધિકારીને બાતમી મળતા તેમણે તપાસની કામગીરી હાથ ધરી હતી. જ્યાં રેલ્વે સ્ટેશનથી મુળ ઉત્તરપ્રદેશનો રહેવાસી આરોપી દેવરથ ઉર્ફે કનૈયાલાલ (ઉ. ૩૩) પાસેથી એક સુટકેસ મળી આવી હતી જેમાં ૨૧ કિલોને ૫૦૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ઉપરાંત રોકડ રકમ અંદાજે ત્રણ હજાર સહિત કુલ ૧.૩૩ લાખનો મુદ્દામાલ મળી આવ્યો છે. હાલ શખ્સની ધરપકડ કરાયા બાદ પુછપરછ શરૂ કરી દેવાય છે. થોડા સમય અગાઉ અમદાવાદ સીટી સીવીલ સેશન્સ કોર્ટે ગાંજા સાથે ઝડપાયેલ આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી હતી અને આ આરોપી પણ કાલુપુર રેલ્વે સ્ટેશન પરથી જ પકડી પડાયો હતો. જેના પગલે કાલુપુર રેલ્વે પોલીસ વધુ સક્રિય બની છે.

# રાજ્ય રોજગાર બાંહેધરી પરિષદની મહત્ત્વની બેઠક

## ગ્રામવિકાસ પ્રધાન ભૂપેન્દ્ર ચુડાસમાના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં ગ્રામીણ લોકોને વધુ રોજગારીના પ્રશ્ને વાતચીત

ગાંધીનગર, તા.૧૧

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત રાજ્ય રોજગાર બાંહેધરી પરિષદની પાંચમી બેઠક પંચાયત અને ગ્રામ વિકાસ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગ્રામવિકાસ વિભાગના રાજ્યમંત્રી જયંતિભાઈ કવાડીયાની ઉપસ્થિતિમાં મળી હતી. બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મનરેગા અંતર્ગત ગ્રામીણ લોકેને રોજગારીનો વધુને વધુ લાભ મળે તેવા અભિગમ સાથે વ્યક્તિગત અને સામુહિક લાભાર્થીઓના કામો, કૃષિ અને પશુધનને લગતા કામો હાથ ધરીને લક્ષ્યાંક મુજબની સિધ્ધિ પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો મંત્રીઓ માટીના ધોવાણને અટકાવી જળસંચય માટેના વોટરશેડ, સમોચ્ચ બંધ, પત્થરના આડબંધ, ખેત બંધ જેવા કામો પર ખાસ ભાર મુકીને પારદર્શક વહીવટી પ્રક્રિયા સાથે આ કામો પૂર્ણ કરવા જણાવ્યું હતું. બેઠકમાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન યોજના હેઠળના કામોની ભૌતિક નાણાંકીય સિધ્ધીની જિલ્લાવાર સમીક્ષા કરવામાં આવી હતી. તથા હાથ ધરવામાં આવેલા ગ્રામ જોડાણના રસ્તાના કામો જળસંચય જળસંગ્રહના કામો પુરનિયંત્રણ અને પુર સંરક્ષણના કામો અને માઈનોર સિંચાઈના કામો પરંપરાગત જળ સંગ્રહના કામો અને જમીન વિકાસના કામો અંગેનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

પંચાયત વિભાગના અગ્રસચિવ પી.કે. પરમારે રાજ્ય સરકારે હાંસલ કરેલ સિધ્ધીની વિગતો આપતા કહ્યું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત દેશના જિલ્લાઓને ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે ગ્રામ પંચાયતને એકમ ગણીને એકસીલન્સ ઈન નરેગા એડમીનીસ્ટ્રેશન એવોર્ડ ખેડી જિલ્લાના મહુધા તાલુકાની કપરૂપર ગ્રામ પંચાયતને મળ્યો છે.

## શબ્દાવલી - ૫૧૧૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| ૧૦ | | ■ | | ■ | | ■ | |
| | ■ | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | | | ■ | | ■ |
| ■ | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | | |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | |

### આડી ચાવી

૧. અળવીતરૂ (૫)
૫. વિજય (૨)
૭. ન્યાયાધીશ (૨)
૮. દીલ, હૃદય (૩)
૧૦. જંગલ, વન (૨)
૧૨. ઝીણો વરસાદ, ફરફર (૪)
૧૪. રખડપટ્ટી, રઝળવું તે (૫).
૧૬. સાર, સત્વ (૨)
૧૭. રડવું, ... કરવો (૪)
૧૯. કંકાશ કરવો, ... કરવો (૪)
૨૧. પ્રથા, પ્રણાલી (૩)
૨૨. બાજી ઊંધી વાળવી, બનાવેલ વાત ... કરી દેવી (૩)
૨૩. ગ્લાસ, આંખે નંબર આવે તો... પહેરવા પડે (૨)

### ઊભી ચાવી

૧. અજર અને અમર (૫)
૨. ભાર (૩)
૩. સુખડ, સુગંધી વૃક્ષ (૩)
૪. એપ્રિલફુલ, ડબ્બા... (૨)
૬. શમશેર, ખડગ (૪)
૯. ખોદ્યો... નીકળ્યો ઉંદર (૩)
૧૧. સળવળવું તે, ... થવો (૫)
૧૨. જલ્દી (૨)
૧૩. મૃત્યુનો ભય રાખ્યા વગર દરિયાના તળીયે જનાર (૪)
૧૫. પાકેલું, વૃદ્ધ (૩)
૧૭. ... કપૂર, અભિનેત્રી (૩)
૧૮. આયોજન (૩)
૧૯. 'ચોક' શબ્દ ઊંધો (૨)
૨૦. ચા-કૉફી પીવાનો પ્યાલો (૨)

### શબ્દાવલી ૫૧૧૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) આપવીતી (૨) જવ (૪) તાપમાન (૬) લાયકાત (૯) દમન (૧૦) અવકાશ (૧૨) નવરાશ (૧૫) તેજ (૧૬) વાટ (૧૭) સકળ (૧૮) શૂરવીરતા (૧૯) દેહ

**ઊભી ચાવી :-** (૧) આહલાદક (૨) જમા (૩) વન (૫) પરવશ (૭) યમ (૮) કાનન (૧૦) અરાજકતા (૧૧) શકટ (૧૩) વતેસર (૧૪) કસૂર

# પોલીસકર્મીઓ પર ભવાન ભરવાડના પુત્રએ હુમલો કર્યો

## બેઝબોલ વડે માર મારતાં પોલીસકર્મીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો

અમદાવાદ, તા. ૧૧

પોલીસવાળાઓનો હવે કોઈને ખોફ ન રહ્યો હોય તેવું લાગી રહ્યું છે પોલીસ હવે માત્ર મૂક પ્રેક્ષક બની બેસી રહેતી હોય તેવી બની ગઈ છે. પોલીસ પણ માર ખાય છે. આવો જ એક કિસ્સો ગોતા ખાતે બનાવા પામ્યો હતો. શહેરનાં ગોતા વિસ્તારમાં બુધવારે રાત્રે સરખેજ પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં હતી ત્યારે દુકાન બંધ કરાવવા ગયેલા પોલીસકર્મીઓને ભવાન ભરવાડનાં પુત્ર દિનેશ ભરવાડ તેમજ છગન ભરવાડ અને અન્ય એક શખ્સે બેઝબોલનાં ડંડા વડે માર માર્યો હતો જેથી ઈજાગ્રસ્ત પોલીસકર્મીને તાત્કાલીક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી ફરાર આરોપીઓને ઝડપવા તજવીજ હાથ ધરી છે.

બનાવની મળતી માહિતી મુજબ બુધવારે રાત્રે સરખેજ પોલીસ સ્ટેશનની મોબાઈલ ટુ ગાડી નાઈટ પેટ્રોલીંગમાં ફરતી હતી. તે દરમ્યાનમાં રાત્રે ૧૨ વાગ્યા પછી ચાલતા લારી-ગલ્લાને બંધ કરાવવા પોલીસ ગોતા બ્રિજ પાસે આવેલા જલારામ પરોઠા હાઉસ ગઈ હતી ત્યારે ત્યાં ભવાન ભરવાડનો પુત્ર દિનેશ ભરવાડ, છગન ભરવાડ અને અન્ય એક શખ્સ આવ્યા હતા અને તમે 'લારી ગલ્લા' કેમ બંધ કરાવો છે.

તેમ કહી બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને પોલીસકર્મીઓ પર હુમલો કરી બેઝબોલનાં ડંડા વડે માર માર્યો હતો. જેથી ગાડીનાં ડ્રાઈવર હરેશભાઈ ધુળાભાઈને માથામાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત હરેશભાઈને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. હુમલો કર્યા બાદ દિનેશ ભરવાડ અને તેના સાથીઓ નાસી છુટ્યા હતા.

પોલીસે આ અંગે ગુનો નોંધી ફરાર આરોપીઓને ઝડપવા તજવીજ હાથ ધરી છે.

## એમ.ઈ.-એમ.ફાર્મના વિદ્યાર્થીઓની પી.જી. કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાશે

અમદાવાદ, તા. ૧૧

એમ.ઈ. અને એમ.ફાર્મના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે હાલ ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલી રહ્યું છે. એમ.ઈ.ની ૫૮૦૦ અને એમ.ફાર્મની ૫૪૦૦ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આ અભ્યાસક્રમમાં જે એમ.ઈ.ના વિદ્યાર્થીઓએ ગેટની અને એમ.ફાર્મના વિદ્યાર્તીઓએ જી-પેટની પરીક્ષા ન આપી હોય તેમણે પોસ્ટ ગ્રેજ્યુએશન કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની રહેશે. આ પરીક્ષા રજીસ્ટ્રેશન પૂર્ણ થયા પછી તા. ૨૧ અને ૨૨ જુલાઈએ લેવામાં આવશે.

પ્રાપ્ત સૂત્રો અનુસાર ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી સાથે સંડોવાયેલી એમ.ઈ.ની ૬૭ અને એમ.ફાર્મની ૬૬ જેટલી કોલેજો માટે ગત તા. ૯ જુલાઈથી ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે. આ પ્રક્રિયા ૧૩ જુલાઈ સુધી ચાલશે. ત્યારબાદ એમ.ઈમાં ગેટની અને એમ.ફાર્મમાં જી-પેટની પરીક્ષા જે વિદ્યાર્થીઓએ ન આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે પોસ્ટ ગ્રેજ્યુએશન કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તા. ૨૧ અને ૨૨ જુલાઈ દરમિયાન લેવામાં આવશે.

સૂત્રો મુજબ એમ.ઈની કુલ ૫૮૦૦ અને એમ.ફાર્મની ૫૪૦૦ જેટલી બેઠકો માટે લેવાનારી આ પરીક્ષા દર વર્ષે લેવાય છે. ૯

### ટીસ્યુ કલ્ચર લેબ... ● પહેલા પાનાનું ચાલુ

● પહેલા પાનાનું ચાલુ

ટીસ્યુ કલ્ચર કેળમાં ૧૮ થી ૧૯ માસના ગાળામાં બે વખત પાકનું ઉત્પાદન લઈ શકાય છે તેમ બાગાયત વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે. આ ટીસ્યુ કલ્ચરમાં તૈયાર કરાયેલ છોડ અને સામાન્ય છોડ લગભગ એક સરખા હોય છે. અધિકારીઓએ કરેલા દાવા મુજબ કેળના સામાન્ય છોડમાંથી ૨૦ થી ૨૫ કિલો ઉત્પાદન મળતુ હોય છે જ્યારે ટીસ્યુ કલ્ચરના છોડમાંથી આ ઉત્પાદન ૪૦ થી ૪૫ કિલો જેટલુ મળતુ હોય છે. અર્થાત્ પ્રતિ છોડ ૧૦ કિલોનું ઉત્પાદન સરેરાશ વધારે મેળવી શકાય છે.

આ છોડ રોગમુક્ત હોવાથી તેનો ઉછેર પણ સારો થતો જોવા મળે છે. આની પાછળ માત્ર ને માત્ર તેની કાળજી લેવામાં આવે તે વધુ જરૂરી છે.

આ ટીસ્યુ કલ્ચર છોડ એ ઓછા વાવેતર વિસ્તારમાંથી પણ વધુ ઉત્પાદન રળી આપે છે અને ખેડૂતની આવકમાં પણ વધારો થાય છે.

આ આખાય પ્રોજેક્ટના નિરીક્ષણ અંતે જિલ્લા કલેક્ટર શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં કૃષિ ઉત્પાદનમાં પરિવર્તનનો પ્રારંભ થઈ ચુક્યો છે તે એક આવકારદાયક છે. જિલ્લામાં ટીસ્યુ કલ્ચર વાવેતર વધતાં ખેડૂતોના વિકાસનું એક મહત્વનું કદમ પૂરવાર થશે. તેમણે કેળની જેમ ખારેકના પાક માટે પણ ટીસ્યુ કલ્ચર ડેવલપ કરવામાં આવે તો તે એક મોટી ક્રાંતિ ગણાશે. તેમણે આ દિશામાં જિલ્લાના પ્રયોગશીલ ખેડૂતોને આગળ આવવા આહ્વાન પણ કર્યું હતું.

### મેડીકલ કોલેજને.... ● પહેલા પાનાનું ચાલુ

● પહેલા પાનાનું ચાલુ

ત્યાર બાદ ગત વર્ષે પ્રથમ વર્ષના અભ્યાસક્રમની મંજૂરી અપાઈ હતી. આ વખતે દ્વિતીય વર્ષના અભ્યાસક્રમની મંજૂરી પણ સ્ટાફની ભરતીના મુદ્દે વિવાદ ઉભો થયો હતો. એક તબક્કે મેડીકલ કાઉન્સીલ સાથે આ મુદ્દે મોટો વિવાદ થવાનો ભય પણ ઉભો થયો હતો. જોકે સરકાર અને સંચાલકોએ સમયસૂચકતા દાખવી જરુરી કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરી દીધી છે.

પુનઃ ઈન્સ્પેકશનમાં સંતોષ જણાતાં કાઉન્સીલે આ મંજૂરી આપી દીધી છે. હવે દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ અંગે ગુજરાત યુનિ. સાથેના જોડાણની મંજૂરી પણ એકાદ સપ્તાહમાં આવી જતાં કોલેજના વિદ્યાર્થીઓ અને શહેરના શિક્ષણપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

ગુજરાત યુનિ. દ્વારા પણ ઈન્સ્પેકશનની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનું કોલેજના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.